# અનિશ્ચિતતાઓ સામે તમારી જરૂરિયાતોને સમયોજિત, કરતી યોજનાઓ સાથે તમારા પરિવારને સુરક્ષિત કરો.

પ્રસ્તુત કરીએ છીએ

## HDFC Life ક્લિક 2 પ્રોટેક્ટ લાઇફ

નોન-લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ, વ્યક્તિગત, પ્યોર રિસ્ક પ્રીમિયમ/ બચત જીવન વીમા યોજના




## ₹ 34/દિવસમાં ₹1 કરોડનો જીવન અને CI રિબેલેન્સ કવર*

- મૃત્યુ અને ગંભીર બીમારી કવરને સ્વ સંતુલિત કરે છે^
- 36 ગંભીર બીમારીઓ કવર કરે છે
- પ્રીમિયમ ચુકવણીની મુદતને નિયમિત ચુકવણીથી મર્યાદિત ચુકવણીમાં ઘટાડવાનો વિકલ્પ

HDFC Life
સ્વાભિમાનથી જીવો!

1. ક્લેમની પતાવટ પૉલિસીની ખરીદીના સમયે અને પૉલિસી કરારના લાગુ નિયમો અને શરતો અનુસાર પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તમામ તબીબી પરિસ્થિતિઓની ઘોષણાને આધીન રહેશે
* જીવન અને CI રિબેલેન્સ વિકલ્પ માટે પ્રીમિયમ, ઉંમર 25 વર્ષ, પુરૂષ, ધૂમ્રપાન ન કરનાર, 10 વર્ષની મુદતની પૉલિસી, નિયમિત ચુકવણી, વાર્ષિક આવૃત્તિ, લાગુ પડતા કર અને વસૂલાત સિવાય.
(12575/365 34નું વાર્ષિક પ્રીમિયમ)
^જીવન અને CI રિબેલેન્સ વિકલ્પ હેઠળ ઉપલબ્ધ છે. લાઇફ કવરમાં અનુરૂપ ઘટાડાની સાથે દરેક પૉલિસીની વર્ષગાંઠ પર ગંભીર બીમારી કવર વધે છે.

## એચડીએફસી લાઇફ ક્લિક 2 પ્રોટેક્ટ લાઇફ (જીવન અને CI રિબેલેન્સ વિકલ્પ)

**જીવન અને** CI **રિબેલેન્સ** વિકલ્પ એ એક સ્માર્ટ કવર છે જેનો ઉદ્દેશ્ય જેમ તમે તમારા જીવનમાં આગળ વધો છો તેમ મૃત્યુ અને ગંભીર બીમારીના લાભ વચ્ચે સંતુલન હાંસલ કરવાનો છે. લાઇફ કવરમાં અનુરૂપ ઘટાડાની સાથે દરેક પૉલિસીની વર્ષગાંઠ પર ગંભીર બીમારી કવર વધે છે. આ ઉપરાંત, કવર કરવામાં આવેલ કોઈપણ ગંભીર બીમારીના નિદાન પર તમામ ભાવિ પ્રિમીયમ માફ કરવામાં આવે છે અને લાઇફ કવર ચાલુ રહે છે.

જીવન અને CI રિબેલેન્સ વિકલ્પના ફાયદા નીચે સમજાવવામાં આવ્યા છે. અન્ય પ્લાન વિકલ્પોની વિગતો માટે, કૃપા કરીને સંબંધિત પત્રિકાઓ અને વેચાણ પુસ્તિકાનો સંદર્ભ લો.

જીવન અને CI રબિલેન્સ વકિલ્પના ફાયદા નીચે સમજાવવામાં આવ્યા છે. અન્ય પ્લાન વકિલ્પોની વગિતો માટે, કૃપા કરીને સંબંધતિ પત્રકિાઓ અને વેચાણ પુસ્તકિાનો સંદર્ભ લો.

## મુખ્ય વિશિષ્ટતાઓ

- તમારા પરિવારને વ્યાપક નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે
- વધતી ઉંમર સાથે મૃત્યુ અને ગંભીર બીમારીના લાભોને સ્વ સંતુલિત કરે છે
- પ્રીમિયમનું વળતર વિકલ્પ સાથે મેચ્યુરિટી સુધી ઉત્તરજીવન પર ચૂકવેલ **તમામ પ્રીમિયમ પાછા મેળવો***
- ગંભીર બીમારીના નિદાન પર પ્રીમિયમ માફ
- 36 ગંભીર બીમારીઓ સામે કવર
- સ્ત્રીઓના જીવન અને તમાકુનું સેવન ન કરનારાઓ માટે વિશેષ પ્રીમિયમ દરો
- પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર કર લાભો#

*જીવન અને CI રિબેલેન્સ વિકલ્પ હેઠળ વધારાના પ્રીમિયમની ચુકવણી પર ઉપલબ્ધ.
# આવકવેરા અધિનિયમ, 1961 અનુસાર. કર લાભો કર કાયદામાં ફેરફારને આધીન છે

## પાત્રતા

| પ્લાનના વિકલ્પ | જીવન અને CI રિબેલેન્સ |
|---|---|
| પ્રવેશ સમયે ન્યૂનતમ ઉંમર | 18 વર્ષ |
| પ્રવેશ સમયે મહત્તમ ઉંમર | 65 વર્ષ |
| મેચ્યુરિટી સમયે ન્યૂનતમ ઉંમર | 28 વર્ષ |
| મેચ્યુરિટી સમયે મહત્તમ ઉંમર | 75 વર્ષ |
| પૉલિસીની ન્યૂનતમ મુદત | 10 વર્ષ |
| પૉલિસીની મહત્તમ મુદત | 30 વર્ષ |
| પ્રીમિયમ ચુકવણીની મુદત | એકલ ચુકવણી, નિયમિત ચુકવણી, મર્યાદિત ચુકવણી (PT કરતાં ઓછી 5 થી કોઈપણ PPT) |
| ન્યૂનતમ મૂળભૂત વીમા રકમ | ₹20,00,000 |
| મૂળભૂત વીમા રકમ | કોઈ મર્યાદા નથી, બોર્ડ અપ્રુવ્ડ અંડરરાઈટિંગ પૉલિસી (BAUP)ને આધીન |

ઉપર ઉલ્લેખિત તમામ ઉંમર છેલ્લા જન્મદિવસની ઉંમર છે. તમામ ઉંમર માટે, કરારની શરૂઆતની તારીખથી જોખમ શરૂ થાય છે.


## લાભો:

આ પ્લાન વિકલ્પ હેઠળ, તમે પસંદ કરેલ મૂળભૂત વીમા રકમને જીવન કવર SA અને ગંભીર બીમારી SA (CI SA) વચ્ચે વિભાજિત કરવામાં આવશે. કવરની શરૂઆતમાં, જીવન કવર SA એ મૂળભૂત વીમા રકમના 80% રાખવામા આવે છે અને CI SA એ મૂળભૂત વીમા રકમના 20% રાખવામા આવે છે. પ્રવર્તમાન પૉલિસી માટે, પ્રથમ પૉલિસી વર્ષગાંઠથી શરૂ કરીને દરેક પૉલિસી વર્ષગાંઠ પર, CI SA દર વર્ષે વધશે અને જીવન કવર SA એ તે સમાન રકમથી ઘટશે. આ રકમની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

**30% × મૂળભૂત વીમા રકમ ÷પૉલિસીની મુદત**

મૂળભૂત વીમા રકમ (જીવન કવર SA + CI SA) એ સમગ્ર પૉલિસી મુદત દરમિયાન સમાન રહેશે. એકવાર ગંભીર બીમારીનો ક્લેમ કરવામાં આવે તે પછી, જીવન કવર SA તે સમયના લાગુ સ્તર પર નિશ્ચિત કરવામાં આવશે અને તે જ SA પૉલિસીની મુદતના અંત સુધી ચાલુ રહેશે.

**ઉદાહરણ:** શ્રી. ઝેવિયર, 45 વર્ષના એક સજ્જન, 20 વર્ષની પૉલિસી મુદત માટે એચડીએફસી લાઇફ ક્લિક 2 પ્રોટેક્ટ લાઇફનો જીવન અને CI રિબેલેન્સ વિકલ્પ ખરીદે છે, નિયમિત ચુકવણી, અને 1,00,00,000 ની મૂળભૂત વીમા રકમનો લાભ મેળવે છે. તે વાર્ષિક 68,295 નું પ્રીમિયમ ચૂકવે છે.
તેમને 7મા પૉલિસી વર્ષમાં ગંભીર બીમારીનું નિદાન કરાવ્યુ છે. તેના ભાવિ પ્રીમિયમને માફ કરવામાં આવે છે અને તેમને ગંભીર બીમારી લાભ તરીકે એકીકૃત રકમ 29,00,000 મળે છે. તેમનું જીવન કવર SA હવે 71,00,000 નક્કી કરવામાં આવ્યું છે.
શ્રી. ઝેવિયરનું 13મા પૉલિસી વર્ષમાં અવસાન થયું. તેમના નોમિનીને એકીકૃત રકમ 71,00,000 નો મૃત્યુ લાભ પ્રાપ્ત થશે.
ચૂકવેલ કુલ પ્રીમિયમ: `4,78,065




## મૃત્યુ લાભ:

જો તમે, વીમિત પૉલિસીની મુદત દરમિયાન મૃત્યુ પામો, તો તમારા નોમિનીને એક એકીકૃત રકમ "મૃત્યુ લાભ" ચૂકવવાપાત્ર છે. તે નિમ્નલિખિતમાંથી સૌથી વધુ હોય છે:

**A.** મૃત્યુ પર વીમાની રકમ

**B.** ચૂકવવામાં આવેલા કુલ પ્રીમિયમના 105%

**C.** જીવન કવર SA

એકલ ચુકવણી (SP) માટે મૃત્યુ પર વીમાની રકમ નિમ્નલિખિતની સૌથી વધુ હોય છે:

**A.** એકલ પ્રીમિયમના 125%

**B.** મેચ્યુરિટી પર વીમાની રકમ

એકલ ચુકવણી (મર્યાદિત ચુકવણી અને નિયમિત ચુકવણી) સિવાયના મૃત્યુ પર વીમાની રકમ નિમ્નલિખિતની સૌથી વધુ હોય છે:

**A.** વાર્ષિક પ્રીમિયમના 10 ગણા

**B.** મેચ્યુરિટી પર વીમાની રકમ

જ્યાં,

**વાર્ષિક પ્રીમિયમ** એ પૉલિસીધારક દ્વારા પસંદ કરાયેલ વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ છે, જેમાં ટેક્સ, રાઇડર પ્રીમિયમ, અન્ડરરાઇટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમ અને મોડલ પ્રીમિયમ માટે લોડિંગ, જો કોઈ હોય તોનો સમાવેશ થતો નથી.

**ચૂકવેલ કુલ પ્રીમિયમ** એ પ્રાપ્ત થયેલા તમામ પ્રીમિયમની કુલ રકમ છે, કોઈપણ વધારાનું પ્રીમિયમ, કોઈપણ રાઈડર પ્રીમિયમ અને કર સિવાય. જો ROP વિકલ્પ પસંદ કરવામાં આવ્યો હોય, તો કુલ ચૂકવેલ પ્રીમિયમમાં બેઝ પ્લાન વિકલ્પ માટે ચૂકવવામાં આવેલ પ્રીમિયમ અને ROP વિકલ્પ માટે ચૂકવવામાં આવેલ વધારાના પ્રીમિયમનો સમાવેશ થાય છે.

**મૃત્યુ પર વીમાની રકમ** એ લાભની ચોક્કસ રકમ છે જે પૉલિસીના નિયમો અને શરતો અનુસાર વીમિતના મૃત્યુ પર ચૂકવવાની ખાતરી આપવામાં આવે છે અથવા સ્વાસ્થ્ય કવરને પહોંચી વળવા માટે ઉપલબ્ધ લાભની ચોક્કસ રકમ હોય છે.

**મૂળભૂત વીમા રકમ** એ પૉલિસીધારક દ્વારા પસંદ કરાયેલી વીમાની રકમ છે.

**મેચ્યુરિટી પર વીમાની રકમ** એ તે રકમ છે જે પૉલિસીના નિયમો અને શરતો અનુસાર, પૉલિસીની મેચ્યુરિટી પર ચૂકવવાપાત્ર હોવાની ખાતરી આપવામાં આવે છે.

## ગંભીર બીમારીના નિદાન પર લાભો:

કવર કરવામાં આવેલ કોઈપણ ગંભીર બિમારીના નિદાન પર*, બીમારીના નિદાન સમયે લાગુ પડતી ગંભીર બીમારી (CI) SA, તમને ચૂકવવાપાત્ર રહેશે.
વધુમાં, યોજના હેઠળ ચૂકવવાપાત્ર તમામ ભાવિ પ્રિમીયમ માફ કરવામાં આવશે અને જીવન કવર ચાલુ રહે છે.

*કવર કરવામાં આવેલી ગંભીર બીમારીઓની સૂચિ અને તેને લગતી સમજૂતીઓ અને બાકાત માટે કૃપા કરીને પ્રોડક્ટ બ્રોશરમાં "કવર કરેલી ગંભીર બીમારીઓ" પરના વિભાગનો સંદર્ભ લો.

## મેચ્યુરિટી લાભ:

મેચ્યુરિટી સુધી જીવિત રહેવા પર, મેચ્યુરિટી પર વીમાની રકમ ચૂકવવાપાત્ર રહેશે.
જો ROP લાભ પસંદ કરવામાં આવે તો મેચ્યુરિટી પર વીમાની રકમ એ ચૂકવવામાં આવેલા કુલ પ્રીમિયમની બરાબર હશે, અન્યથા શૂન્ય હશે. ઉપર જણાવ્યા મુજબ મૃત્યુ અથવા મેચ્યુરિટી લાભની ચુકવણી પર, પૉલિસી સમાપ્ત થાય છે અને વધુ લાભો ચૂકવવાપાત્ર નથી.

## એડ-ઓન લાભ ઉપલબ્ધ છે

### 1. રિટર્ન ઓફ પ્રીમિયમ (ROP) વિકલ્પ

જો તમે આ પ્લાન વિકલ્પ પસંદ કરો છો, તો તમારે પસંદ કરેલ બેઝ પ્લાન વિકલ્પ માટે ચૂકવવાપાત્ર પ્રીમિયમની ઉપર અને વધારાનું પ્રીમિયમ ચૂકવવું પડશે અને તમને મેચ્યુરિટી સુધી અસ્તિત્વ પર ચૂકવવામાં આવેલા કુલ પ્રીમિયમનું 100% વળતર એકીકૃત રકમ તરીકે મળશે.

આ એડ-ઓન વિકલ્પ નિમ્નલિખિત માટે ઉપલબ્ધ હશે:

- એકલ, નિયમિત અને 5 ચુકવણી માટે 10 થી 40 વર્ષની વચ્ચેની તમામ પૉલિસી મુદતો.
- 8, 10 અને 12 ચુકવણી માટે 15 થી 40 વર્ષની વચ્ચેની તમામ પૉલિસી મુદતો.

### 2. પ્રીમિયમ ચુકવણીની મુદતને નિયમિત ચુકવણીથી મર્યાદિત ચુકવણી સુધી ઘટાડવાનો વિકલ્પ

તમારી પાસે બાકી નિયમિત પ્રીમિયમને કોઈપણ ચાર્જ/શુલ્ક વિના પ્લાન વિકલ્પો હેઠળ ઉપલબ્ધ કોઈપણ મર્યાદિત પ્રીમિયમ મુદતમાં ફેરવવાનો વિકલ્પ પણ છે.

### 3. પ્રીમિયમ ચુકવણી આવૃત્તિમાં ફેરફાર

તમારી પાસે કોઈપણ ચાર્જ/શુલ્ક વગર પ્રીમિયમ ચુકવણીની મુદત દરમિયાન પ્રીમિયમ ચુકવણીની આવૃત્તિમાં ફેરફાર કરવાનો વિકલ્પ છે.

## રાઈડરો :

તમે નીચેનામાંથી કોઈપણ રાઈડરનો લાભ લઈને તમારું રક્ષણ વધારી શકો છો:

**એચડીએફસી લાઈફ ઈન્કમ બેનિફિટ ઓન એક્સિડેન્ટલ ડિસેબીલીટી રાઈડર (UIN: 101B013V03)**

**એચડીએફસી લાઈફ પ્રોટેક્ટ પ્લસ રાઈડર (UIN: 101B016V01)**

**રિબેટ્સ પર પ્રતિબંધ: વીમા અધિનિયમ, 1938 ની કલમ 41 અનુસાર સમયાંતરે સુધારો:**

(1) કોઈપણ વ્યક્તિને ભારતમાં જીવન અથવા મિલકતને લગતા કોઈપણ પ્રકારના જોખમના સંદર્ભમાં વીમો લેવા અથવા રિન્યૂ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈપણ વ્યક્તિને પ્રલોભન તરીકે, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે મંજૂરી આપવાની અથવા ઓફર કરવાની મંજૂરી નથી. ચૂકવવાપાત્ર કમિશનનો સંપૂર્ણ અથવા આંશિક ભાગની રિબેટ અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમની કોઈપણ રિબેટ, તેમજ કોઈ પણ વ્યક્તિ પૉલિસી લેતી કે રિન્યૂ કરતી કે ચાલુ રાખતી હોય તે કોઈપણ રિબેટ સ્વીકારશે નહિ, સિવાય કે વીમાદાતાના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અથવા કોષ્ટકો અનુસાર મંજૂરી આપવામાં આવી હોય તેવા રિબેટ.

2) કોઈપણ વ્યક્તિ આ કલમની જોગવાઈઓનું પાલન કરવામાં ભૂલ કરશે તે દંડ માટે જવાબદાર રહેશે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

અમારો આજે જ સંપકર્ કરો

ખરીદી કરવા: 1800-266-9777 (ટોલ ફ્રી)
(બધા દિવસોએ સવારે 9 થી રાતરે્ 9 સુધી ઉપલબ્ધ)

Visit us at www.hdfclife.com

HDFC Life

સ્વાભિમાનથી જીવો!

**એચડીએફસી લાઇફ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ (“એચડીએફસી લાઇફ”).** CIN: L65110MH2000PLC128245. IRDAI નોંધણી નં. 101.

**રજિસ્ટર્ડ ઑફિસ:** 13મો માળ, લોઢા એક્સેલસ, અપોલો મિલ્સ કમ્પાઉન્ડ, એન. એમ. જોશી માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ- 400 011

ઇમેઇલ: service@hdfclife.com, ટેલિફોન નં. 1860 267 9999 (સોમ-શનિ સવારે 10 થી સાંજે 7 pm) સ્થાનિક શુલ્ક લાગુ. આગળ કોઈપણ દેશનો કોડ લગાવશો નહિ. દા.ત. +91 અથવા 00. વેબસાઇટ: www.hdfclife.com

કંપનીનું નામ/નામમાં અક્ષરો "એચડીએફસી"/લોગો એ હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ ("એચડીએફસી લિમિટેડ")ના છે અને તે એચડીએફસી લાઇફ દ્વારા એચડીએફસી લિમિટેડ સાથે કરાયેલા કરાર હેઠળ ઉપયોગ કરાયા છે.

એચડીએફસી લાઇફ ક્લિક 2 પ્રોટેક્ટ લાઇફ (UIN: 101N139V04) એ એક નોન-લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ, વ્યક્તિગત, પ્યોર રિસ્ક પ્રીમિયમ/ બચત જીવન વીમા યોજના છે. જીવન વીમા કવર એ આ ઉત્પાદનમાં ઉપલબ્ધ છે. એચડીએફસી લાઇફ ઇન્કમ બેનિફિટ ઓન એક્સિડેંટલ ડિસેબીલીટી રાઇડર (UIN: 101B013V03), એચડીએફસી લાઇફ પ્રોટેક્ટ પ્લસ રાઇડર (UIN: 101B016V01) એ રાઈડરોના નામ છે. જોખમના પરિબળો, સંબંધિત નિયમો અને શરતો અને બાકાત વિશે વધુ વિગતો માટે કૃપા કરીને વેચાણ પૂર્ણ કરતા પહેલા વેચાણ પુસ્તિકા કાળજીપૂર્વક વાંચો.

ARN: PP/02/22/27773-GI.

**ખોટા ફોન કોલ્સ તથા બનાવટી/છેતરપિંડીવાળી ઑફર્સથી સાવધાન**

- IRDAI એ કોઈપણ પ્રકારના વીમાઓના વેચાણ, બોનસની જાહેરાત કે પ્રીમિયમ્સના મૂડીરોકાણ જેવી પ્રવૃત્તિઓ કરતી નથી. આવા ફોન આવે તો લોકોને વિનંતી છે કે તેઓ ફોન કોલની વિગતો અને તે ફોન નંબર સાથે પોલીસમાં ફરિયાદ કરે.